શ્રી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## જુદી જુદી વૃત્તિવાળા માનવીઓ

ઇકબાલ (રહ.) લખી ગયા છે

**પરવાઝ હે દોનોંકી ઇસી એક ફિઝામેં**
**કરગસકા જહાં ઔર હૈ; શાહીકા જહાં ઔર !**

(ગીધ અને શાહીપક્ષી ખૂબ ઉંચે એક જ આકાશમાં ઉડે છે. પણ બન્નેની દુનિયા અલગ અલગ છે. એક કયાંક મુરદાર પડેલું હોય તે શોધે છે, જયારે બીજું જીવંત શિકારની શોધમાં ઉડે છે. આપણા સમાજમાં પણ કરગસ (ગીધ) અને શાહીની વૃત્તિવાળા માનવીઓ છે. બે જણ એક જ મેદાનમાં નીકળ્યા હોય પણ એક મુરદાર શોધે છે, એટલે કે કમઝોર - કમ બુદ્ધિવાળા, ઓછી સમજવાળા, માત્ર શ્રદ્ધાવાળા, એવા લોકોને પોતાના શિકાર બનાવે છે. જયારે બીજો માનવી જીવંત પ્રાણી શોધે છે - બુદ્ધિવાળા, માત્ર શ્રદ્ધા પર ચાલનારા, સજાગ અને તેજીલા એવા માનવીઓ શોધી પોતાની સાથે લે છે. એક ભોળપણનો લાભ લઇ પોતાને બુદ્ધિશાળી સમજે છે, બીજો તેજીલાને વધુ તેજવાળા, કમજોરોને વધુ શકિતવાળા બનાવી આનંદ માણે છે. એ જ પ્રમાણે :-

**અલફાઝો મઆનીમેં તફાવત નહિં લેકિન**
**મુલ્લાંકી અઝાં ઔર, મુજાહિદકી અઝાં ઔર**

■ શાકિર ઉનિઆ

જમાદિલ અવ્વલ ૧૪૪૭ | નવેમ્બર - ૨૦૨૫ | તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

## જઝાકુમુલ્લાહ

- **જનાબ હુશેન અહમદ પટેલ સા. ઉમરવાડા** તરફથી **રૂા. ૫૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. શબ્બીરભાઇ પટેલ સા.** હસ્તે મળ્યા છે.
- **જનાબ શબ્બીરભાઇ પટેલ સા. દેવલા** તરફથી **રૂા. ૪૩,૫૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. શબ્બીરભાઇ પટેલ સા. ઉમરવાડા** હસ્તે મળ્યા છે.
- **કે.પી. હ્યુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સુરત** તરફથી **રૂા.૪૦,૦૦૦/-** સોસાયટીના **સદકાફંડ**માં મળ્યા છે.
- **મોહતરમા અમીનાબહેન એસ. કાજી સા. કઠોર** તરફથી **રૂા.૮,૦૦૦/-** સોસાયટીના **બેવાફંડ**માં **મૌલાના દાવુદ પારખ સા.** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

## વહોરા સોસાયટી દ્વારા એક ઝુંબેશ

**આપણી વહોરા સોસાયટી દ્વારા આપણા સમાજના ૧૬૨ ગામોમાં એક ઝુંબેશ શરૂ કરી રહયા છીએ કે આપણા ગામોમાં/ કસ્બાઓમાં વસ્તી તમામ બેવાહબહેનો તથા ગરીબ અને મધ્યમવર્ગના લોકોને ગર્વમેન્ટ તરફથી મળતી તમામ સહાયો માટે જેમ કે બેવાહબહેનોને મળતી માસીક સહાય, આયુષ્માન કાર્ડ, એજયુકેશન સહાય તથા સિનિયર સીટીજનોને મળતા લાભો વિશે ઘણા લોકો અજાણ છે તેમને જાગૃત કરવા માટે આપણી સોસાયટીના તમામ કમિટી મેમ્બર સાહેબો, પ્રતિનિધી સાહેબો, મસ્જીદોના મુતવલ્લી સાહેબોને વિનંતી કરીએ છીએ કે પોતાના ગામની બેવાહબહેનો, ગરીબ મધ્યમવર્ગના લોકો તથા સિનિયર સીટીજનોને ઘરે ઘરે જઇ આ યોજનાવિશે જાણકારી આપે અને એમને આવકના દાખલા,આધાર કાર્ડ, પાનકાર્ડ,બેંક એકાઉન્ટ વિશે સહાયરૂપ થઇ ઉપરની તમામ ગર્વમેન્ટમાંથી મળતી યોજનાઓમાં ફોર્મ ભરાવી સહાયરૂપ થવા નમ્ર વિનંતી છે.**

## આપણા સમાજનું ગૌરવ



**મૂળ આલુંજ** અને હાલ **પેરીસ** સ્થાયી **શાહેદા હાસીમ નોરાત** એ યુનિવર્સીટી, પેરીસ દ્વારા લેવાયેલ **Diplome De Formation Approfondie En Sciences Medicales** ની પરીક્ષા પાસ કરી ડૉકટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યું છે. **તે બદલ મુબારકબાદ.**



**મૂળ સુઠવાડ** અને હાલ **બોટસ્વાના** સ્થાયી **શૌકતભાઇ સીદાત સા.**ના ફરજંદ **મો.સહલ** સીદાત એ **Mechanical Engineer** ની ડિગ્રીમાં **૯૨ ટકા** મેળવી સમગ્ર **બોટસ્વાના યુનિવર્સીટીમાં પ્રથમ નંબર** મેળવી ગામ તેમજ આપણા વહોરા સમાજનું નામ રોશન કર્યુ છે તથા માસ્તર ડિગ્રી માટે સા.આફ્રિકા જવાના છે એઓ હાફિઝે કુર્આન પણ છે. એમને બોટસ્વાના યુનિવર્સીટી તરફથી ઇનામ પણ મળ્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## જોઇએ છે

- **ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરત ની ઓફીસ માટે પટાવાળાની જરૂર છે. ઇચ્છા ધરાવનાર વ્યકિતએ દિન ૧૦ માં નીચે આપેલ સરનામા ઉપર અરજી કરવી.**
- **આપણી એ.ઇ.ગંગાત હોસ્ટેલ, કોંઢ માટે મોલસાબ તથા વોચમેનની જરૂર છે. ઇચ્છા ધરાવનાર વ્યકિતએ દિન ૧૦ માં નીચે આપેલ સરનામા ઉપર અરજી કરવી.**

:સરનામું :

**પ્રમુખ / સેક્રેટરી**

**ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી**

**સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત - ૩૯૫૦૦૩**

## વહોરા સમાચાર

### ■ હદીષ

● જીવનમાં બે પાસાં હોય છે - એક ફરિયાદનો અને બીજો શુક્રનો. આપણે શું પસંદ કરીએ છીએ તે જ અમારી વિચારસરણી અને ઇમાનની ઓળખ છે.

● જેસે જેસે જીંદગી કી સમજ આતી હે તો પતા ચલતા હે કે જીંદગી સબર કે સિવા કુછ નહીં.

**અંક : ૧૧**

**માસ : નવેમ્બર - ૨૦૨૫**

**માહે : જમાદિલ અવ્વલ ૧૪૪૭**

**તંત્રી : મસ્ત મંગેરા**

### ■ સુવચાર

● ખરા સમયે કામ આવનારા લોકો પારકા હોય તો પણ સગા જ કહેવાય...

● કલમ પણ કમાલ છે સાહેબ, પોતે ખાલી થઇને બીજાની જિંદગી લખે છે!!

### ■ તંત્રી સ્થાનેથી...!

**આજે ભારતમાં મુસ્લિમ સમાજની હાલત**

**નેતૃત્વની અછત**

- વિકાસ વિષે વિચાર ન કરવો, માત્ર રાજકારણ કે અહમ.
- સર પંચોથી માંડીને સમાજના આગેવાનો સુધી - કોઇ લાંબા ગાળાનો વિચારક નથી.
- રાજકીય નેતાઓ પણ ભાષણ પછી ગાયબ - ગ્રાઉન્ડ પર કોઇ માર્ગદર્શન આપતું નથી.
- અસલી નેતૃત્વ માત્ર જમીન વિતરણ કે મસ્જિદ બિલ્ડીંગ સુધી સીમિત રહી ગયું છે.

**સરકારી ક્ષેત્રોમાં નમૂદાર અભાવ**

- હોસ્પિટલોમાં મેડિકલ સ્ટાફ કે ડોકટરોમાં મુસ્લિમ નામ બહુ ઓછું જોવા મળે.
- પોલીસ, એડમિનિસ્ટ્રેશન, પબ્લિક સર્વિસમાં ભાગીદારી ખૂબ ઓછી.
- રાજકરણમાં કદાચ જ કેટલાક હમદર્દ છે, પણ મોટા નિર્ણયોમાં વાટે નથી.
- શિક્ષણ, મિડિયા, ફિલ્મ, ટેકનોલોજી જેવા ફીલ્ડમાં પણ પ્રતિનિધિત્વ નબળું.

**કાયદા અને નીતિઓનો વિરોધ કરવા છતાં પણ કોઇ અસર નથી**

- વકફ બોર્ડ બીલ - જે મુસ્લિમ મિલકતોને લઇને ચર્ચામાં છે, તેમ છતાં ઓછા લોકો સમજયા કે તેનો અર્થ શું છે નથી..... ક્રમશ

**મસ્ત મંગેરા (કાંગવઈ)**


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

# મૌલાના અને મસ્નવી

મૌલાના રૂમી (રહ.) એટલે ફારસી ભાષાની આબરૂ. તેઓ ફારસીના એક ઉચ્ચ શ્રેણીના સૂફી શાયર હતા. તેમણે ઘણું લખ્યું છે, જે માંહેની તેમની મસ્નવી સર્વોત્તમ લેખાય છે. ફારસીમાં એની કોટીની અન્ય કોઇ કિતાબ ન હોવાની વિદ્વાનોની માન્યતા છે. એને કુરઆન-મજીદની તાલીમની તફસીર લેખવામાં આવે છે અને ત્યાં સુધી કહેવાય છે કે:

હસ્ત કુરઆં દર ઝબાને પહેલ્વી!

મૌલાનાનું મૂળ નામ મુહમ્મદ હતું. લકબ જલાલુદ્દીન. જન્મ હિ. સ. ૬૦૪ માં બલ્ખમાં. તાલીમ તેમના પિતાના એક વિદ્યાર્થી સૈયદ બુરહાનુદ્દીનથી લીધી હતી. અઢાર વર્ષની વયે કોનિયા ચાલ્યા ગયેલા. સાત વર્ષ દમાસ્કસમાં નિવાસ કર્યો હતો.

મૌલાના શરૂથી જ દીનદાર હતા. તે વઅઝ કરતા ને ફતવા આપતા. અટપટા ધાર્મિક, સાંસારિક પ્રશ્નો વિશે લોકોનું માર્ગદર્શન પણ કરતા. પરંતુ ઘણું કરીને હિ. સ. ૬૪૨ માં હઝરત શમ્સ તબરેઝી સાથે પહેલી મુલાકાત થઇ અને ત્યાર પછી તેમના જીવનમાં અદ્‌ભુત એવું એક પરિવર્તન આવવું શરૂ થયું હતું. એ સમયે મૌલાના રૂમી કેટલીક કિતાબો લઇને અભ્યાસ માટે બેઠા હતા, એવે શમ્સ તબરેઝી ત્યાં આવી લાગ્યા. તેમની વચ્ચે જ્ઞાન અને વિદ્યાકળા વિશે વાતચીત ચાલી. એ દરમિયાન શમ્સ તબરેઝીએ મૌલાનાની કિતાબો તળાવમાં ફેંકી દીધી. આથી મૌલાના રાતાપીળા થઇ ગયા.

હ. શમ્સે કિતાબો તળાવમાંથી પાછી કાઢી આપી અને ત્યારે તે સાવ કોરી-સૂકી હતી.

મૌલાનાના એક વિદ્યાર્થી, જેનું નામ સિપહ સાલાર હતું, તેણે નોંધ્યું છે કે એ મુલાકાત પછી બંને બુઝુર્ગો સલાહુદ્દીન ઝરકોબના એક હુજરામાં છ માસ સુધી ચિલ્લાકશી કરી અને ત્યારથી મૌલાનાના જીવનમાં અસામાન્ય પરિવર્તન આવી ગયું. તેમણે વઅઝ, તાલીમ, ફતવા વગેરેનો સિલસિલો તજી દીધો અને મહેફિલે સમઅ (દરવેશી નાચગાન) માં રસ લેવા લાગ્યા. આથી શહેરમાં હો-હા થઇ કે એક દરવેશ, મૌલાનાને ભરમાવીને પથભ્રષ્ટ કરી રહયો છે.

જ્યારે બીજી તરફ મૌલાના રૂમી એક ઘડી માટે પણ હ. શમ્સ તબરેઝીની જુદાઇ સહન કરવાને તૈયાર ન હતા. પરંતુ શહેરમાં વિરોધ-શોર વધતો ગયો, જે હ. શમ્સને પસંદ ન હતો. આથી તે એક દિવસે છાનામાના ત્યાંથી સરકી ગયા.

પોતાના મુર્શિદના આમ એકાએક અદૃશ્ય થઇ જવાનો ગમ મૌલાના માટે અસહ્ય હતો. તેમણે સૌથી સંબંધ તોડી નાખ્યા અને એકાંતવાસ ધારણ કરી લીધો. એની એક લાંબી મુદ્દત પછી હ. શમ્સ તબરેઝીએ દમાસ્કસથી તેમને એક પત્ર લખ્યો. ત્યાર પછી કોનિયાના શહેરીઓનું એક પ્રતિનિધી મંડળ મૌલાનાનો એક પદબંધ પત્ર લઇને દમાસ્કસ ગયું અને તેમની સમજાવટ તથા મૌલાનાની વિનંતીને માન આપીને હ. શમ્સ પાછા કોનિયા આવ્યા. કેટલાક સમય પછી તેમણે મૌલાનાની એક કનીઝ સાથે લગ્ન કરી લીધાં.

કોનિયામાં મૌલાના રૂમીએ તેમના મકાનની સામે મેદાનમાં હ. શમ્સના માટે એક તંબુ ઊભો કરાવ્યો હતો. મૌલાનાનો એક પુત્ર અલાઉદ્દીન ચલપી જ્યારે પણ તેમને મળવા આવતો ત્યારે હ. શમ્સના તંબુમાં થઇને જતો. હ. શમ્સને તેની એ હરકત પસંદ ન હતી. તેમણે મનાઇ કરી, પણ અલાઉદ્દીન ચલપી માન્યો નહીં અને હ. શમ્સ વિરુદ્ધ ભાતભાતની અફવા ફેલાવીને શહેરના લોકોને ઉશ્કેરી મૂક્યા. આથી હ. શમ્સ પુનઃ એક વાર અચાનક ગાયબ થઇ ગયા. મૌલાનાએ શોધખોળ કરાવી. પોતે પણ તલાશમાં નીકળ્યા. પણ હ. શમ્સનો કોઇ પત્તો લાગ્યો નહીં.

કહે છે કે હ. શમ્સ, મૌલાના રૂમીની પાસે જ હતા, ગાયબ થયા ન હતા. અને પછી મૌલાનાના મુરીદોએ તેમની હત્યા કરી નાખી હતી. એમ પણ કહેવાય છે કે આ હત્યામાં મૌલાનાના પુત્ર અલાઉદ્દીન ચલપીનો હાથ હતો.

મુર્શિદ હ. શમ્સ તબરેઝીની હત્યાની ઘટના મૌલાનાના રોમેરોમમાં આગ ચાંપી ગઇ. તે તડપવા લાગ્યા. ઘરમાંથી નીકળ્યા તો સામે અલાઉદ્દીન ઝરકોબની દુકાન આવી ગઇ. ઝરકોબ ચાંદીના વરખ કૂટી રહયો હતો, જેની હથોડીના તાલબદ્ધ અવાજે સમાઅનો માહોલ રચી દીધો ને મૌલાના પર મસ્તી છવાઇ ગઇ. ઝરકોબે મૌલાનાની એ હાલત જોઇ તો તેણે વરક કૂટવાનું સતત ચાલુ રાખ્યું. પુષ્કળ ચાંદી વેડફી નાખી. અને મૌલાના હોશમાં આવ્યા તો ઝરકોબે પોતાની દુકાન લૂંટાવી દીધી અને મૌલાનાની સાથે ચાલી નીકળ્યો. નવ વરસ સુધી મૌલાના ભેગો રહયો. કહે છે કે મૌલાના ઝરકોબને ચાહતા હતા.

પરંતુ મૌલાનાના શિષ્યો તથા મુરીદોને ઝરકોબ પ્રત્યે અણગમો હતો, તેને હાંકી કાઢવા ઇચ્છતા હતા. પણ મૌલાનાએ તેમના વિરોધની પરવા કરી નહીં. અને હિ. સ. ૬૬૨ માં અલાહુદ્દીન ઝરકોબનું અવસાન થયું ત્યાર પછી મૌલાનાએ હિસામુદ્દીન ચલપીને પોતાના હમદમ ને હમરાઝ બનાવી લીધો. આ એ જ હિસામુદ્દીન ચલપી છે, જેના કહેવાથી મૌલાના રૂમીએ મસ્નવી લખી હતી.

મૌલાનાની મસ્નવી કુરઆન-મજીદની તાલીમની તફસીર હોવાની માન્યતા છે. અને એથી એની એક મઝહબી-દીની હેસિયત છે અને ખાસ કરીને સૂફીવાદીઓમાં એ બેહદ લોકપ્રિય છે. એની અંદર હિકાયતોના પડદામાં ઘણા અજબ એવા રહસ્યસ્ફોટો કરાયેલા જોવા મળે છે.

મૌલાના મુહમ્મદ જલાલુદ્દીન રૂમીની વફાત હિ. સ. ૬૭૨ માં થઇ હતી. કોનિયામાં (તુર્કી) આજે પણ તેમની મઝાર અકીદતમંદોથી ભરી-ભરી રહે છે અને ત્યાં યોજાતી દરવેશી સમાઅની મહેફિલો વિશ્વભરના લોકોને આકર્ષતી રહે છે.

મસ્નવીનો અનુવાદ વિશ્વની દરેક મોટી ભાષામાં થયો છે અને મસ્નવી વિશે તથા મૌલાના રૂમી વિશે અનેક પુસ્તકો લખાયાં છે. અનેક મહાન શાયરોએ એનો લાભ પણ લીધો છે, એમાંથી ઘણું મેળવ્યું છે.

મૌલાનાની મસ્નવીમાં વગડાનાં જાનવરો અને સિંહવચ્ચે થયેલા કરારનું એક કથાનક આ રીતે મુકાયું છે.

વગડાનાં જાનવરો અને વનરાજ સિંહ વચ્ચે કરાર થયો કે હવેથી સિંહ જાનવરોનો શિકાર કરશે નહીં. એના બદલામાં તેને તેનો રોજિંદો ખોરાક પહોંચતો કરવામાં આવશે.

આ કરાર ઉપર અમલનો પહેલો દિવસ હતો અને એ દિવસે એક સસલો સિંહના ખોરાક તરીકે આવવાનો હતો. સસલો ચતુર હતો. તે નકકી કરાયેલા સમયથી બે કલાક મોડો આવ્યો. સિંહ ખિજાયેલો હતો. તેણે ત્રાડ નાખી અને મોડા પડવાનું કારણ પૂછયું તો સસલાએ ધ્રૂજતાં-ધ્રૂજતાં કહયું કે તે તો બરાબર સમયસર રવાના થયો હતો પણ માર્ગમાં એક બીજા સિંહે તેને આંતરી લીધો હતો. ભારે મુશ્કેલીથી યુકિત કરીને અહીં પહોંચ્યો છું. યુકિત ન કરી હોત તો કદાચ....

વનરાજે વગડામાં એક બીજા માથાભારે સિંહની હાજરી અને સસલાને આંતરવાની તેની ધૃષ્ટતાને પોતાનું ઘોર અપમાન લેખ્યું અને સસલાને કહયું, ચાલ, મને દેખાડ એ ઉદ્ધત સિંહ કયાં છે ? હું તેની ખબર લઇ નાખીશ.

અને ચતુર સસલો સિંહને એક કૂવા આગળ લઇ ગયો. કહયું, તે અહીં, આની અંદર બેઠો છે! કાળઝાળ થયેલો વનરાજ કૂવાના કાંઠે ગયો અને અંદર જોયું તો ત્યાં પાણીમાં તેને પોતાનું પ્રતિબિંબ દેખાયું, જેને તે પોતાનો હરીફ સિંહ સમજી બેઠો અને તેનું લોહી એવું ઊકળ્યું કે એક ભયાનક ત્રાડ સાથે તેણે કૂવામાં ભુસકો મારી દીધો અને પોતાના અંજામે પહોંચી ગયો! **(ક્રમશ)**

# આધ્યાત્મિક સફર

ઉર્દૂ લેખક: મૌ.ઇફતિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી
અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)

ઇર્ષાળુ પોતાના દીન (ધર્મ) અને દુનિયા (રોજ-બરોજનું સામાજિક જીવન) ને બરબાદ કરી નાખે છે, તે કદી પણ પોતાનો હેતુ પ્રાપ્ત કરવામાં સફળ થતો નથી, પણ ઉપરથી અપમાન અને અનાદર રૂપી ધિક્કાર (ફિટકાર) પામે છે અને અલ્લાહ તઆલાની મદદથી વંચિત થઇ જાય છે. હઝરત હાતિમ અસમ (રહ.) ફરમાવે છે, દ્વેષ રાખનારો (કિન્નાખોર-અંટસ રાખનારો) ધાર્મિક ન હોઇ શકે, લોકોના દુર્ગુણો શોધનારો ઇબાદતગુઝાર ન હોઇ શકે, ચુગલખોર ને સુખચેન મળતા નથી, અને ઇર્ષાળુ અલ્લાહની મદદથી વંચિત રહે છે.

સખત મહેનત કરીને માણસ નેકી કમાય છે અને આ કેવી મૂર્ખતા છે કે કોઇની ઇર્ષા કરીને આ નેકીઓને તે બરબાદ કરી નાખે છે. રસૂલે પાક સલ્લલ્લાહૂ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે,

اَلْحَسَدُ يَأْكُلُ الْحَسَنَاتِ كَمَا تَأْكُلُ النَّارُ الْحَطَبَ۔

ભાવાનુવાદ: **ઇર્ષા ભલાઇને એવી રીતે ખાઇ જાય છે જેવી રીતે આગ લાકડાને (બળતણને) ખાઇ જાય છે. ઇર્ષા એટલી ખરાબ વસ્તુ છે કે અલ્લાહ તઆલાએ શયતાન અને જાદુગરની સાથે સાથે ઇર્ષાળુની બુરાઇથી પણ પનાહ લેવાનો હુકમ (અલ્લાહ પાસે શરણ માંગવાનો હુકમ) ફરમાવ્યો છે.** (ઇબ્ને માજહ:જિલ્દ.૨૨)

કુર્આન ફરમાવે છે:

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۝۱ مِنْ شَرِّ مَا خَلَقَ ۝۲ وَمِنْ شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ ۝۳
وَمِنْ شَرِّ النَّفّٰثٰتِ فِي الْعُقَدِ ۝۴ وَمِنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ۝۵

ભાવાનુવાદ: **કહો! હું શરણ માંગું છું, પરોઢના રબનું દરેક તે વસ્તુની બુરાઇથી જે તેણે પેદા કરી છે અને રાત્રીના અંધકારની બુરાઇથી જયારે કે તે છવાઇ જાય, અને ગાંઠોમાં ફૂંકનાર (અથવા ફૂંકનારીઓ) ની બુરાઇથી અને ઇર્ષા કરનારાની બુરાઇથી જયારે તે ઇર્ષા કરે.** (સૂ. ફલક આ. ૫) (દિ. કુ. પેજ: ૧૫૫૫)

ઇર્ષાનું કારણ મોટે ભાગે આડંબર (તુમાખી) અને ઘમંડ જ હોય છે, અથવા તો દુશ્મની, વેર અને દુષ્ટતા (દિલની અપવિત્રતા) કે તે અકારણ અલ્લાહની બક્ષીસોમાં કંજૂસાઇ કરે છે અને એવું ઇચ્છે છે કે જેમ હું કોઇને કશું આપતો નથી તેમ અલ્લાહ તઆલા પણ બીજાઓને કશું જ ન આપે અને એ તો સ્પષ્ટ હકીકત છે કે આ બધી બાબતો નર્કમાં લઇ જવાવાળી છે. રિવાયત (હદીષ) માં આવે છે કે:

سِتَّةٌ يَدْخُلُوْنَ النَّارَ بِسِتَّةٍ اَلْعَرَبُ بِالْعَصَبِيَّةِ وَالْأُمَرَاءُ بِالْجَوْرِ وَالدَّهَاقِيْنُ بِالْكِبْرِ
وَالتُّجَّارُ بِالْخِيَانَةِ وَأَهْلُ الرَّسَاتِيْقِ بِالْجَهْلِ وَالْعُلَمَاءُ بِالْحَسَدِ.

ભાવાનુવાદ: **છ પ્રકારના લોકો છ કારણોને લીધે જહન્નમ (નર્ક) માં જશે: (૧) આરબો પક્ષપાત (સામર્થ્ય) ને કારણે. (૨) પૈસાદારો જુલ્મ કારણે. (૩) ચોધરી (આગેવાન) લોકો ઘમંડને કારણે. (૪) વેપારીઓ ખયાનત અને બદ-દાનતી (ખરાબ નિય્યત) ને કારણે. (૫) ગામડિયાઓ અજ્ઞાનતાને કારણે અને (૬) આલિમો (ધર્મના વિદ્વાનો) ઇર્ષાને કારણે.** (મિન્હાજુલ આબિદીન-૧૧૪)

ઇમામ ગઝાલી (રહ.) ફરમાવે છે કે, ઇર્ષા એક એવો રોગ છે જે ઇબાદતના બદલા અને પૂણ્યને નષ્ટ કરી નાખે છે, બુરાઇઓ અને પાપોનું વાવેતર કરે છે, આરામ અને સંતોષ (સુખ-ચેન) ને સમાપ્ત કરી નાખે છે, ધર્મની સમજથી વિમુખ કરી દે છે, તેના હોવાથી માનવી પોતાના દુશ્મન ઉપર જીત મેળવી શકતો નથી અને ન તો તે તેની ઇચ્છા પૂરી કરવામાં સફળ થઇ શકે છે. એનાથી એ સાબિત થાય છે કે ઇર્ષાથી વધારે ભયંકર કોઇ રોગ નથી. તેથી આ રોગનો જેમ બને તેમ જલ્દી ઉપચાર કરવો જોઇએ.

ઇર્ષા કરવાનો હેતુ જેની ઇર્ષા કરવામાં આવે છે તેનાથી નફરત (તિરસ્કાર) અને વેરભાવનાનો અને તેને નુકસાન પહોંચાડવાનો હોય છે. તેથી તેનો ઉપચાર એ છે કે આત્મા ઉપર બળજબરી કરીને ઇરાદાપૂર્વક તેની મનેચ્છાનો પ્રબળ વિરોધ કરવામાં આવે અને તેનાથી વિરુદ્ધ આચરણ કરવામાં આવે. અર્થાત્ જેની ઇર્ષા કરવામાં આવી હોય તે વ્યકિત (તિરસ્કૃત વ્યકિત) ના ખૂબજ વખાણ કરવામાં આવે. પોતાની જાતથી તેને લાભ પહોંચાડવામાં આવે, તેના માટે દરરોજ દુઆ કરવામાં આવે, તેની સામે નમ્રતા દાખવવામાં આવે અને તેને મળેલી બક્ષીસો ઉપર ખુશી અને આનંદ

વ્યક્ત કરવામાં આવે. જયારે થોડા દિવસ બળજબરી પૂર્વક સંકોચ વિના આવું કરવામાં આવશે તો જેની ઈર્ષા કરવામાં આવી છે તેની સાથેની તિરસ્કારની ભાવના અને દુશ્મની સમાપ્ત થઇ જશે, અને એકબીજા માટે સ્નેહ અને મુહબ્બત પેદા થઇ જશે અને ઈર્ષા સદંતર નાબૂદ થઇ જશે.

તેથી ઈર્ષાળુ માટે એ જરૂરી છે કે તે પોતાનામાં કોઇ કાબિલિયત પેદા કરે. જયારે તે પોતે કાબિલ બની જશે તો બીજાઓની ઈર્ષા કરવાથી તે બચી જશે.

## કિન્નાખોરી અને દુશ્મની તથા તેનો ઉપચાર

મનોવિજ્ઞાનિકોની એ શોધ છે કે જયારે કોઇના તરફથી કોઇ અણગમતી વાત કરવામાં આવે છે તો તેની સાથે બદલો લેવા માટે લોહી ઉછાળા મારવા લાગે છે અને માનવી અત્યંત ક્રોધવેશમાં આવી જાય છે, પરંતુ જયારે બદલો લેવાની શક્તિ નથી હોતી તો લાચારીવશ એને સંયમ રાખવો પડે છે. તેથી તેના દિલમાં એક પ્રકારનો અણગમો પેદા થઇ જાય છે અને મનના આવા જ અણગમાને કિન્નાખોરી અને દુશ્મની અથવા તો ખાર કે અંટસ કહેવાય છે.

કોઇના તરફ શત્રુતા કે દ્વેષ રાખનાર વ્યક્તિ દિલનો બીમાર હોય છે, એની આંખોમાં વક્રતા આવી જાય છે. તેના વિચારો ગંદા અને કલ્પના (મત) વેરવિખેર થઇ જાય છે. તેને દરેક સદ્‌ગુણમાં કોઇ ને કોઇ ખોડખાંપણ દેખાયા કરે છે અને તેને દરેક કામમાં કીડા દેખાય છે અને જેની સાથે દુશ્મની હોય છે તેના ઉપર અત્યંત ધૃણાજનક આક્ષેપો લગાડવાની એક પણ તક જવા દેતો નથી. તેની કુથલી (ગીબત) કર્યા કરે છે, તેના વિરુદ્ધ ષડ્‌યંત્ર કરતો રહે છે અને છેવટે જયારે હકીકત ખુલે છે ત્યારે પરાજીત થાય છે, શરમિંદો થાય છે. તે લોકોની નજરમાં ઉતરી જાય છે અને અલ્લાહના દરબારમાં તિરસ્કૃત થાય છે. તે એવો તો હડધૂત થાય છે કે તેની દુઆઓ કબૂલ થતી નથી. રિવાયત છે કે શાબાનની પંદરમી રાત્રીએ ગુનેહગારોને માફી આપવામાં આવે છે, પરંતુ દ્વેષ રાખનારને તો આ રાત્રીએ પણ માફી મળતી નથી (બખ્શિસ થતી નથી). (કન્ઝુલ ઉમ્માલ: ૩/૧૮૬)

કિન્નાખોરીની બીમારી માનવીને ગંદગીની માખી જેવો બનાવી દે છે. તેની ફિતરત ગંદી, આદતો ગંદી અને તેના વિચારો પણ ગંદા હોય છે. તે હમેશા ગંદગી જ શોધતા રહે છે. જેમ માખી શરીરના સ્વચ્છ ભાગને મૂકીને ઘા લાગેલા ભાગ પર બેસે છે અને ગંદગી જ ચૂસે છે, તેવી જ રીતે દ્વેષ રાખવાવાળો કિન્નાખોર વ્યક્તિ સદ્‌ગુણોથી આંખ આડા કાન કરીને દુર્ગુણો જ શોધતો ફરે છે. જયારે અલ્લાહના બંદા સંબંધે એનું મન સ્વચ્છ નથી હોતું તો પછી અલ્લાહ તઆલા તેને ગુનાહોથી કેવી રીતે પવિત્ર કરે!! ફળસ્વરૂપ તે અલ્લાહ તઆલાની માફીથી વંચિત રહે છે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે:

(કન્ઝુલ ઉમ્માલ: ૩/૧૮૭)

تُعْرَضُ أَعْمَالُ النَّاسِ فِي كُلِّ جُمُعَةٍ مَرَّتَيْنِ يَوْمَ الْاِثْنَيْنِ وَيَوْمَ الْخَمِيسِ
فَيَغْفِرُ اللهُ لِكُلِّ عَبْدٍ مُؤْمِنٍ إِلَّا عَبْدًا بَيْنَهُ وَبَيْنَ أَخِيهِ شَحْنَاءُ
فَيُقَالُ أُتْرُكُوا هٰذَيْنِ حَتّٰى يَفِيئَا.

ભાવાનુવાદ: **દરેક અઠવાડિયામાં બે વાર-સોમવાર અને ગુરૂવારના દિવસે (અલ્લાહ તઆલા સમક્ષ) લોકોના આમાલ-કર્મો રજૂ કરવામાં આવે છે. પછી અલ્લાહ તઆલા દરેક ઇમાનવાળી વ્યકિતને માફી આપી દે છે, એવી વ્યકિત સિવાય કે જેને પોતાના ભાઇ સાથે દ્વેષભાવ અને દુશ્મની હોય, તો (ફરિશ્તાઓને) કહેવામાં આવે છે કે આ બન્નેને તેમની હાલત પર છોડી દો (ત્યાં સુધી કે) તેઓ પરસ્પર સમજોતો (સુલેહ-સમાધાન) કરી લે.**

જયારે કોઇની સાથે દ્વેષ કે કિન્નાખોરી હોય છે તો તેની સાથેના સંબંધો તોડી નાખવામાં આવે છે અને તેની સાથે વાતચીત પણ બંધ કરી દેવામાં આવે છે, જેને કારણે ગેરસમજ પેદા થાય છે, મતભેદ વધવા માંડે છે અને એકબીજાના હક્કોને ખુલ્લંખુલ્લા પૂરી તાકાતથી પાયમલ કરવામાં આવે છે. તેથી જેમ બને તેમ જલ્દીથી આવો દ્વેષભાવ ભૂલી જઇને દિલને સ્વચ્છ કરી નાખવું જોઇએ, જે ખૂબ જ પૂણ્ય (સવાબ)નું કામ છે, નહીંતર ગુનાહની મુસીબત ઘણી જ સખત હશે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે: (ક્રમશ)

## શિક્ષણ મંથન

જો આપણા બાળકો (જે અરબી અને ફારસી ભાષાથી પણ પરિચિત નથી) ઉર્દૂ ભાષાથી પણ અજાણ રહેશે, તો તેનો અર્થ એ છે કે તેઓ એક ખૂબ જ મોટી ઇસ્લામી મૂડીથી વંચિત થઇ જશે, ઇસ્લામી સાહિત્ય સાથેનો તેમનો સંપર્ક તૂટી જશે અને પોતાના સલ્ફે સાલિહીન અને વડીલો સાથેનો તેમનો સંબંધ તૂટી જશે, ઇસ્લામ વિશે કાં તો તેઓને કોઇ પરિચય અને જ્ઞાન નહીં રહે, અથવા તેઓને તેની માહિતી માટે એવા લોકોનાં લખાણો અને પુસ્તકો પર આધાર રાખવો પડશે, જેમની પાસેથી ઇસ્લામનું સાચું ચિત્ર રજૂ કરવાની અપેક્ષા રાખી ન શકાય. તેથી મુસ્લિમ મેનેજમેન્ટ દ્વારા સંચાલિત શાળાઓમાં ઉર્દૂ ભાષાનું શિક્ષણ આપવું એ સમયની સૌથી અગત્યની જરૂરિયાત છે અને તેની અવગણના કરવી એ ભાવિ પેઢીઓ માટે વંચિતતાને સાંખી લેવા જેવું ગણાશે, આ એક દુ:ખદ હકીકત છે કે જે લોકો ઉર્દૂ ભાષાની જાળવણીની ચળવળ ચલાવે છે, દીનદાર છે, દીની ઉલૂમ સાથે સંકળાયેલા છે, ઉર્દૂ ભાષાનો રોટલો ખાય છે, ઉર્દૂમાં ઉપદેશ અને પ્રવચન આપે છે, અને શેરો-શાયરી જેમની ઓળખ છે, ખુદ તેમનાં બાળકો ઉર્દૂને અછૂત માને છે, તેથી જરૂરત તો એ વાતની છે કે ઉર્દૂ માધ્યમની વધુમાં વધુ ગુણવત્તાયુકત શાળાઓની સ્થાપના કરવામાં આવે; અને જો આપણામાં એટલી હિંમત ન હોય તો ભલે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોય, છતાં કમસે કમ બીજી ભાષા તરીકે પણ ઉર્દૂને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવે, તેના માટે સારામાં સારા અને તાલીમ પામેલા શિક્ષકોની ભરતી કરવામાં આવે અને તેને પૂરેપૂરી કાળજીથી ભણાવવામાં આવે. આ વર્તમાન પરિસ્થિતિમાં ભાવિ પેઢીઓને ઇસ્લામ પર બાકી રાખવા અને મુસ્લિમ બાળકોને ઇસ્લામ સાથેનો સંબંધ ટકાવી રાખવા માટે અત્યંત જરૂરી છે.

દુન્યવી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓની ઇસ્લામી તરબિયત અને ઝહેન સાઝીમાં દીની મદ્રસાઓ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. જો દીની મદ્રસાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પ્રારંભિક તબકકામાં પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધી સરકારી અભ્યાસક્રમની સાથે ઇસ્લામિયાત અને પવિત્ર કુર્આનનો પણ અભ્યાસ કરી લે અને બે પારા યાદ કરી લે, સીરત અને દીનિયાત પરના કેટલાંક પુસ્તકો ભણી લે, તેમજ ઇસ્લામી અકાઇદ અને ઇતિહાસ પર પણ જો તેઓને તેમની માનસિક ક્ષમતા અનુસાર ભણાવી દેવામાં આવે અને તરબિયતનું ઇસ્લામી વાતાવરણ ઉપલબ્ધ કરાવવામાં આવે, તો આ ખૂબ જ મુબારક અને લાભદાયી પગલું કહેવાશે. આ રીતે ઘણા એવા માતા-પિતા જે પોતાનાં બાળકોને સાચા અર્થમાં મુસ્લિમ બનતાં જોવા માંગે છે અને અત્યારના ઝેહની ઇરતિદાદ (વૈચારિક નાસ્તિકપણા) થી ચિંતિત છે, જે હાલમાં મિશનરી શાળાઓની આમ બીમારી છે, તેઓ આનાથી લાભ મેળવી શકશે. જો બાળકોનું પ્રારંભિક તબક્કે જ ઇસ્લામી ઝહેન બનાવી દેવામાં આવે અને જો તેમની યોગ્ય તરબિયત થઇ જાય, તો તેઓ જે કંઇપણ વાંચશે અને બનશે. તેઓ પોતાની જાતને દુનિયાના માહોલમાં અજાણ્યા અને આગંતુક અનુભવશે નહીં.

બાળકો અને આપણી જવાબદારી

૧૪ મી નવેમ્બરને બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જાણે કે તે બાળકોનો દિવસ છે, જેનો ઉદ્દેશ્ય સમાજમાં બાળકોના અધિકાર અને બાળકો પ્રત્યેની જવાબદારીઓ પ્રતિ ધ્યાન દોરવાનો છે, આ એક હકીકત છે કે બાળકો અલ્લાહની ખૂબ મોટી ભેટ છે, ખુદ પવિત્ર કુર્આનમાં તેમને આંખોની ઠંડક તરીકે વર્ણવવામાં આવ્યાં છે (અલ-ફુરકાન:૭૪) અને અલ્લાહે બે મહાન પયગંબરો, હઝરત ઇબ્રાહીમ (અલૈ.) અને હઝરત ઝકરિયા (અલૈ) ના સંદર્ભમાં ઉલ્લેખ કર્યો છે

કે તેઓએ અલ્લાહથી સંતાનપ્રાપ્તિ માટે દુઆ કરી અને અલ્લાહે તેને કબૂલ ફરમાવી (અસ-સાફ્ફત:૧૦૦, મરયમ: ૫). આ પરથી સ્પષ્ટ થાય છે કે બાળકોની ઇચ્છા અને ઝંખના થવી એ માનવીની એક પ્રાકૃતિક અને જાઇઝ ઇચ્છા છે. અલ્લાહ તઆલા એ જ તેમને આંખોનું નૂર અને દિલની ખુશી બનાવ્યાં છે, બાળકો વિનાના કોઇ સુંદર અને આકર્ષક સમાજની કલ્પના પણ શકય નથી.

ઇસ્લામે જે રીતે સમાજના વિવિધ વર્ગોના અધિકારો અને ફરજો નકકી કરી છે; તેવી જ રીતે બાળકો સંબંધિત તેમના વાલીઓ અને સમાજની ફરજોનું પણ માર્ગદર્શન આપ્યું છે. બાળકો વિશે ઇસ્લામની પહેલી તાલીમ એ છે કે, માણસ દુનિયામાં નવા માણસના આગમન પર દુ:ખ અને ચિંતા નહીં, બલ્કે ખુશી વ્યકત કરે. અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમને હઝરત ઇસ્હાક (હૂદ:૬૯/૭૧) અને હઝરત ઝકરીયાને હઝરત યહયા (આલિ ઇમરાન:૨૯) ના જન્મની જાણ કરી, તો તેનું વર્ણન **ગુડ ન્યૂઝ** અને **ખુશ ખબરી** ના શબ્દપ્રયોગથી કર્યું. બાળકોનો જન્મ એ ખુશીની બાબત છે, તેમાં દીકરો કે દીકરીનો કોઇ ભેદ નથી, ઇસ્લામ પહેલાં, લોકો દીકરીના જન્મથી દુ:ખી થતા હતા અને તેને પોતાને માટે શરમજનક માનતા હતા, પવિત્ર કુર્આને તેને કાફિરોનો તરીકો ગણાવ્યો અને તેની નિંદા કરી છે (અઝ-ઝુખરુફ:૧૭), કારણ કે માણસ નથી જાણતો કે તેના માટે છોકરાઓ વધુ ઉપયોગી થશે કે છોકરીઓ ? અને એ પણ નથી જાણતો કે મુશ્કેલ સમયમાં તેની મદદે કોણ આવશ ?

બાળકોનો સૌથી મૂળભૂત અધિકાર એ તેમનો જીવન જીવવાનો અધિકાર છે, ભારતે બાળ અધિકારો પર થયેલ સંમેલનના દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા છે, તેમાં આ જ પહેલો અધિકાર છે, ઇસ્લામે જે રીતે આ અધિકારની કાળજી રાખી છે, ભાગ્યે જ તેનું ઉદાહરણ મળશે. સામાન્ય રીતે બાળકનું કાનૂની અસ્તિત્વ ત્યારે મનાય છે જયારે તેનો જન્મ થાય, પરંતુ ઇસ્લામી દ્રષ્ટિએ, જે દિવસે માતાના ગર્ભાશયમાં ગર્ભ રહે છે, તે દિવસથી જ તે એક આદરણીય અને સલામતીને લાયક જીવ બની જાય છે, એટલા માટે જ ઇસ્લામની દ્રષ્ટિએ ગર્ભપાત કરવું હરામ અને નિષેધ છે. બાળકના જન્મ પછી, બાળકના રક્ષણ અને તેના જીવનની રક્ષા કરવાની બધી જવાબદારી ન માત્ર માતાપિતા અને વાલીઓની છે; બલ્કે, તે સમગ્ર માનવ સમુદાયની ફરજ છે, આ જ હેતુથી શરીઅતે માતા પર તેના બાળકોને સ્તનપાન કરાવવાની નૈતિક જવાબદારી મૂકી છે, પવિત્ર કુર્આને આનો ઉલ્લેખ એક કરતા વધુ જગ્યાએ કર્યો છે; કારણ કે મેડિકલ સાયન્સમાં પણ આ એક માન્ય અને સ્વીકૃત હકીકત છે કે બાળકો માટે માતાના દૂધથી વધુ પોષણક્ષમ ખોરાક બીજો કોઇ નથી. બીજી વાત એ કે જયાં સુધી બાળકો પોતાની આજીવિકા મેળવવા આત્મનિર્ભર ન બને, ત્યાં સુધી બાળકોના ભરણપોષણની જવાબદારી માતા-પિતા પર અને જો મા-બાપ ન હોય તો અન્ય નજીકના સગા-સંબંધીઓ પર મૂકવામાં આવી છે, માતાપિતા માટે એ વાત નિષેધ ઠરાવાઇ છે કે તેઓ સગીરવયના બાળકોને મજૂરીકામ પર લગાવે અને પોતાની જવાબદારીથી આંખ આડા કાન કરે. (અદ્દુર્રુ-લ-મુખ્તાર: ૫/૩૩૭)

આપ (સ.અ.વ.) એ વાલીઓને એ તાલીમ આપી છે કે બાળકોના મામલામાં ઇસાર અને આત્મ-બલિદાનથી કામ લેવામાં આવે. હઝરત અબૂ હુરૈરા રદિ. વર્ણવે છે કે, આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: ખુદાએ મારાથી પહેલાં કોઇ પણ વ્યકિત માટે જન્નતમાં પ્રવેશ હરામ કરી દીધો છે, પરંતુ કયામતના દિવસે હું મારી જમણી બાજુએ એક સ્ત્રીને જન્નતના દરવાજા તરફ દોડતી જોઇશ, આ જોઇ હું કહીશ કે આને શું થઇ ગયું છે કે મારાથીય પહેલાં જન્નતમાં જવાનો પ્રયાસ કરે છે ! (ક્રમશ)

## તુર્કી નૌકાધિપતિ અને કુશળ વહાણવટી સીદી અલી રઇસ અને તેણે વર્ણવેલું ગુજરાત

- અમ્માર અબ્દુલ હમીદ લિંબાડા - દદાલ

### કાબુલ રસ્તે ઇસ્તાન્બુલમાં આગમન અને ભવ્ય સ્વાગત

ફેબ્રુઆરી ૧૫૫૬ માં તે કાબુલ જવા માટે નિકળ્યો અને ત્યાંથી સમરકંદ અને બુખારા થઇ ઇસ્તાન્બુલ પહોંચ્યો અને ત્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

સીદી અલીએ બાદશાહ સુલૈમાનને ૧૮ દેશોના બાદશાહોના કાગળો રજુ કર્યા જે સુલૈમાનના નામે લખવામાં આવ્યાં હતાં. સુલૈમાન ઘણો જ ખુશ થયો અને સીદીને મોટા હોદ્દે બિરાજમાન કર્યો. સાથોસાથ પાછલા ચાર વર્ષનો પગાર પણ ચૂકવ્યો.

### મૃત્યુ

જાન્યુઆરી ૧૫૬૩ માં તેણે આખરી સાંસ લઇ એક નવી દુન્યાનો પ્રવાસ ખેડયો જયાંથી તે કદી પરત નથી થવાનો. (મીરાતુલ મમાલિક અને અંગ્રેજી અનુવાદ THE TRAVELS AND ADVENTURES OF THE TURKISH ADMIRAL SIDI ALI REIS P 24-36)

### સીદીએ લખેલા પુસ્તકો

સીદી અલીએ કેટલાક પુસ્તકો પણ લખ્યાં હતાં જેના નામો નીચે જણાવ્યાં છે.

અલ-મુહીત (મહાસાગર) (સમુદ્ર, ભૂગોળ અને ખગોળશાસ્ત્ર).

અલ-મહરી ની પુસ્તક અલ ઉમદતુલ મહરિય્યહનો તુર્કીશ અનુવાદ (ખગોળશાસ્ત્ર).

અલી કૌશીનું પુસ્તક રિસાલતુલ ફતહિય્યહનો અનુવાદ ખુલાસતુલ.

હૈઅહ (ખગોળશાસ્ત્ર).

દાઇરતુલ માદલ (ખગોળશાસ્ત્ર).

રિસાલહ ફી-અલ-ઇસ્તરલાબ (ખગોળશાસ્ત્ર).

રિસાલહ ફી રુબઇલ મુજીબ (ખગોળશાસ્ત્ર).

રિસાલહ ઝાતુલ કુરસી (ખગોળશાસ્ત્ર).

કિતાબુલ બહરિય્યહ (ભૂગોળ, સમુદ્રશાસ્ત્ર)

મિરઆતુલ કાયનાત (ખગોળશાસ્ત્ર).

મિરઆતુલ મમાલિક (ભૂગોળ અને પ્રવાસ પર્યટન)

### પાદટીપ

**શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ** (જ. ૧૩૩૮, દિલ્હી; અ. ૧૪૪૬, સરખેજ, અમદાવાદ)

ગુજરાતના સુલતાન અહમદશાહ સાથે અમદાવાદની સ્થાપનામાં ભાગ લેનાર ચાર ઓલિયા અહમદોમાંના એક અને ભારતના પ્રસિદ્ધ છ મુસ્લિમ સંતાનોમાંના એક. તેમના પિતા મલિક ઇફતીખારુદ્દીન સુલતાન ફિરોજશાહના દૂરના સગા થતા હતા. તેમનું નામ વજીહુદ્દીન હતું. પિતાના અવસાન બાદ મોટી મિલકત મળી, તે તેમણે વિલાસમાં વાપરી; પરંતુ વૈરાગ્ય ઉત્પન્ન થતાં, અજમેર પાસે આવેલા ખટ્ટુ ગામના શેખ બાબા ઇશાક પાસે સિદ્ધિ વાસ્તે જઇને, એમના મુરીદ (શિષ્ય) બન્યા. એમણે સિદ્ધિ મેળવી અને લોકો તેમને **પ્રકાશ** અથવા **દીપક** તરીકે ઓળખવા લાગ્યા. એમના ગુરુ મગ્રિબી (મઘરબી) ફિરકાના સૂફી હતા. એ ઉપરથી તે માગ્રેબી કહેવાતા. તે સ્વભાવે ઘણા ઉદાર હતા. તેથી ગંજબક્ષ એટલે કે ભંડારની બક્ષિસ આપનાર કહેવાતા હતા.

તેમના ગુરુના અવસાન (ઇ. સ. ૧૩૭૪) બાદ, તેઓ મક્કાની યાત્રા કરવા ગયા. ત્યાંથી પાછા ફરીને તેમણે ગુજરાતમાં સરખેજ ગામમાં નિવાસ કર્યો. તે આજીવન બ્રહ્મચારી રહયા હતા. સુલતાન મુહમ્મદશાહ

બીજાએ બંધાવેલ તેમનો રોજો તથા આસપાસનાં મકાનો સ્થાપત્યકળાના ઉત્તમ નમૂના મનાય છે.

શેખ અહમદ સુલતાન અહમદશાહના મજહબી બાબતોના સલાહકાર તથા મશહૂર શાયર હતા. અબુલ HÉÊ>ÉÉ A£ âÉÉÖÉÉq HÉÊ>ÉÉ {ÉÉÉ ±ÉÉHà **મિર્કાતુલ વુસુલ** નામના ગ્રંથમાં આ મહાન સૂફી સંતનું જીવનચરિત લખ્યું છે. તે મુજબ સંત અન્ય શાયરોના સુંદર શેરો ગાતા હતા. તેઓ પોતે પણ અરબી, ફારસી તેમજ ગુજરાતીમાં શેરો રચતા હતા. મજકૂર ગ્રંથમાં તેમના અરબી શેરો, ફારસી રુબાઇઓ તથા ગુજરાતી દોહા છે.

શેખ અહમદ ખટ્ટુના ભાવિક મુરીદ (શિષ્ય) શેખ મહમૂદ ઇરજી (અ. ઇ. સ. ૧૪૫૯) હતા. તેમણે તેમના **તૌહફતુલ્મજાલિસ** (મજલિસોને ભેટ) ગ્રંથમાં, તેમના પીર હઝરત શેખના અવસાન પર્યંતનાં દરરોજનાં કથનો તથા તેમના જીવનનાં છેલ્લાં વરસોમાં થયેલા તેમના ચમત્કારો, સાદી તથા સરળ ભાષામાં નોંધ્યાં છે. આ પુસ્તક અબુ ઝફર નદવી સાહેબના અનુવાદ સાથે પીર મુહમ્મદ શાહ લાઇબ્રેરી અમદાવાદથી છપાઇ ગયું છે.

તેમણે લખેલા **ઇર્શાદુલ તાલીબીન** (શોધકોને સૂચના) નામના ફારસી ગ્રંથમાં શેખ અહમદે ૧૪ સૂફી ફિરકાઓનો ઇતિહાસ આપ્યો છે અને **રિસાલ-એ-અહમદિયા** નામના ગ્રંથમાં તેમણે મગ્રિબી ફિરકાના મુખ્ય સંતો વિશે ચર્ચા કરી છે. આ બીજું પુસ્તક તેમણે સુલતાન અહમદ શાહને અર્પણ કર્યું હતું. સરખેજના આ સૂફીના રોજામાં પાક કુરાનના તરજૂમા તથા કેટલીક જગ્યાએ ભાષ્ય સાથેની નકલ છે. તે એમના પોતાના હસ્તાક્ષરની છે એમ કહેવાય છે. ■

## અંજીર એ માત્ર ડ્રાયફ્રૂટ નહીં પણ ઔષધ પણ છે.

અંજીરમાં ભરપૂર માત્રામાં તાંબું, સલ્ફર, કલોરીન વિટામિન એ, બી અને સી વગેરે પોષક તત્ત્વો મળી આવે છે. જેના અનેક ફાયદા છે. આ ફળ આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. અંજીરમાં ખનિજ અને વિટામિન ભરપૂર માત્રામાં મળી આવે છે. આ ફળનો ઉપયોગ ઘણા રોગોના ઉપચારમાં કરવામાં આવે છે.

**કેન્સર માટે સમબાણ:-** કેન્સર એક ઘાતક બીમારી છે. તેમાં સારવાર સાથે ખાણીપીણી પર ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. અંજીરનું સેવન કેન્સરથી બચાવવામાં મદદરૂપ થાય છે. આ બ્રેસ્ટ કેન્સરના ખતરાને ઓછું કરવામાં સક્ષમ હોય છે. અંજીરનું સેવન હાર્ટ માટે ખૂબ સારું હોય છે. આ ઉચ્ચ ઘનત્વવાળા લિપોપ્રોટીનમાં વધારો કરવાનું કામ કરે છે.

**ફર્ટિલિટી પાવર વધારે:-** અંજીરને ફર્ટિલિટીને વધારનાર ફ્રૂટ પણ ગણવામાં આવે છે. કહેવામાં આવે છે કે જો તમને યૌન સંબંધિત સમસ્યા હોય, તો તમારે દરરોજ રાત્રે દૂધમાં બેથી ત્રણ અંજીર નાખીને સેવન કરવું જોઇએ. તેનાથી આ સમસ્યા ઘણી હદ સુધી કંટ્રોલમાં થઇ જાય છે.

**હાડકાં માટે ઉપયોગ:-** અંજીરને મેગ્નેશિયમ, પોટેશિયમ અને કેલ્શિયમનો સારો સ્ત્રોત ગણવામાં આવે છે. આ દૃષ્ટિએ હાડકાં માટે પણ ખૂબ ઉપયોગી છે. દરરોજ રાત્રે દૂધની સાથે લેવાથી સારા પરિણામ મળે છે.

**બ્લડ શુગરના દર્દીઓ માટે ફાયદાકારક:-** બ્લડ શુગર ઓછું રહેતું હોય તો અંજીરનું સેવન તમારા માટે ફાયદાકારક સાબિત થાય છે. જો કોલેસ્ટ્રોલ લેવલ હાઇ છે તો અંજીરનું સેવન તમારા માટે ફાયદાકારક હોય છે. જોકે તેમાં હાઇ પોલિપિડેમિક પ્રભાવ જોવા મળે છે. ટ્રાઇગ્લિસરાઇડ નામની લિપીડ સીરમ સ્તરમાં ઘટાડો અને સારા કોલેસ્ટ્રોલમાં વધારો કરી શકે છે.

**આંખો માટે:-** ભરપૂર માત્રામાં વિટામિન એ હોવાના કારણે અંજીરને આંખો માટે ખૂબ ફાયદાકારક ગણવામાં આવે છે. તેનું સેવન રેટિનાના ખરાબ પ્રભાવને રોકવાનું કામ કરે છે. ■

# એક તણખલાની વાત

હનીફ નાડત. કોંઠ

ત્રણેક હજારની વસ્તી વારુ સુંદર મજાનું પંખીના માળા જેવું એક ગામડુ... ગામની લગોલગ અંકલેશ્વર દશેક કિલોમિટર છેટુ. ગામડુ પણ ધીરેધીરે શહેરમાં વીલીન થવા જાણે હરણફાળ ભરી રહયું હતું. આ ગામમાં દિલાવર નામે એક યુવાન ઉનાળે લગ્ન કરી લાવ્યો. દિલાવરના બાપના મિત્રની છોકરી નુરી જોડે દિલાવરના લગ્ન થયા. નુરી ગ્રેજ્યુએટ અને દિલાવરનો બારમાં સુધીનો અભ્યાસ, પણ દિલાવરને કયાંય બહાર કામે ધંધે જવાની જરૂર ન હતી. ગામડામાં થોડીક જમીન હતી અને ઘરના આંગણે બાપની નાની એવી અનાજ કરિયાણાની દુકાન હતી. એ દુકાન ઉપર દિલાવર બેસતો. બાપે હવે દુકાન માંથી નિવૃત્તિ લઇ લીધી હતી. દિલાવર દુકાન સંભાળતો. એના બાપ અને મા એ યુવાન દિકરાને પરણાવવાના અનેરા કોડ... અને બાપના ભાઇબંધની એકની એક દિકરી પણ ગોતી કાઢી અને લગ્ન કરી નુરી દિલાવરના ઘેર આવી. અલબત્ત દિલાવરના સસરાએ લગ્ન પાકા કરતા પહેલા એક શરત મુકેલી કે મારી દિકરી છે ભણેલી અને એને તમારે નોકરી કરવા દેવી પડશે. મારી નુરીને શિક્ષીકા બનવાનો ઘણો શોખ છે અને એણે બે-એક જગ્યાએ અરજી પણ કરી છે. તમારે એને છુટ આપવી પડશે. દિલાવરના બાપે મિત્રદાવે એમની શરત મંજુર કરેલી અને નુરીને દિલાવર પરણી લાવ્યો. દિલાવર આમ જરા ભીના વાને અને નુરી સૌંદર્યવાન. ગામ લોકોને આ જોડુ કજોડુ જેવુ લાગ્યું, કેમ કે દિલાવર સ્વભાવે ટાઢો પથરો ને નુરી બોલકણી અને પાછુ એને એના ભણતરનું ગોમાન! મારા દિલાવરને આવુ બૈરૂ કયાં ભટકાયુ એવા વિચારે મા-બાપની ઉનુ ખાટા ને મોં માં ડાઝયા જેવી સ્થિતી હતી, પણ કોને કહે! દિલાવર શાંત પકૃતિનો પણ નુરીનો પડયો બોલ ઝીલવા સદા તત્પર રહે. લગ્નને ચારેક મહિના થઇ ગયા... પણ હજુ નુરીને કયાંય નોકરી મળી ન હતી. બસ એનું એક સ્વપ્ન હતું કે મારે શિક્ષીકા બનવું જ છે. ભલે સરકારી સ્કુલમાં ન મેળ પડે પણ પ્રાઇવેટ સ્કુલોનો કયાં દુકાળ છે. પ્રાઇવેટ સ્કુલમાં પણ નોકરી તો મારે મેળવવી જ છે અને આ માટે દિલાવરને આ ચાર-પાંચ મહિનામાં માનસીક રીતે તૈયાર પણ કરી રાખ્યો હતો. અને એક દિવસ નુરીનો મોબાઇલ રણકયો... નુરીને પંદરેક કિ.મી. દુર આવેલી એક પ્રાઇવેટ સ્કુલના આચાર્યનો ફોન આવેલો અને એ ગામડાની પ્રાઇવેટ સ્કુલમાં એણે નોકરી સ્વીકારી લીધી. હવે ગામથી એ બસમાં અંકલેશ્વર જતી અને ત્યાંથી બીજી બસ પકડીને એ જે ગામ ભણાવતી હતી ત્યાં જતી... પણ કયારેક એવું બનતું કે અંકલેશ્વરથી પેલી બીજી બસ કયારેક કેન્સલ થતી... કયારેક સાંજે પણ આવતી નહીં ત્યારે નુરીને હાડમારી વેઠવાનો વારો આવતો. એ રીક્ષામાં અંકલેશ્વર આવી ત્યાંથી બસ પકડીને ઘેર આવતી. ધીમે ધીમે નોકરીમાં નુરી સેટ તો થઇ ગઇ, પણ આ અપડાઉન એને માથાનો દુખાવો બનવા માંડયો.

એણે દિલાવરને એકટીવા લેવાની વાત કરી પણ આવા છેવાડાના ગામડે નુરી એકટીવા ઉપર જાય એ દિલાવરને તેમજ એના મા-બાપને પણ પસંદ ન પડયું અને નુરી બસમાં જ અપડાઉન કરતી રહી. સમય પતંગિયાની પાંખે વહેતો રહયો. પ્રાઇવેટ સ્કુલનો નુરીનો પગાર કંઇ ઝાંઝો તો હતો નહીં, પણ એ ફકત એના શોખને પોષવા આ નોકરી કરતી હતી. દરરોજ સવારે નુરી વટ-કટમાં બસ સ્ટેન્ડે પહોંચે ત્યાંથી બસ પકડે. બંને ગામના છોકરાઓ એને જોવા બસ સ્ટેન્ડે હાજર હોય... એમાના એક છોકરાએ એનું નામ મનચલી ભાભી પાડયું ને બંને ગામે મનચલી ભાભી નામ પ્રખ્યાત થઇ ગયું... મારી પત્નિનું નામ ગામના જુવાનીયાઓએ મનચલી ભાભી પાડયું છે એની જાણ દિલાવરને મોડી-મોડી પડી પણ એ શું કરી શકે? નુરીને કહે પણ નુરી માનવાની હતી જ નહીં... અરે હવે તો સાથે અપડાઉન કરતા મિત્રો પણ રજાના દિવસે દિલાવરને ઘેર બહાનું શોધીને આવવા લાગ્યા... દિલાવરનો ડોહો સમસમીને બેસી રહયો. ડોહો ઉનું ખાયને મોંમા દાઝયો હતો. કહેતો કોને કહે અને કહે પણ શું? પોતાના એકના એક દિકરાને પોતે ખાડામાં પાડયો હતો એવી સમજણ ડોહાને પણ મોડે મોડે આવી ખરી પણ હવે પાળ તોડીને પાણી આગળ વધી ગયા હતા. ત્યાં એક દિવસ દિલાવરની મા એ દિલાવરને કહયું ભાઇ જરા વહુને દાબમાં રાખતા શીખ... ગામ આખુ તારી બૈરીના લટકા-મટકા વિશે આડી અવળી વાતો કરી રહયા છે અને તને જાણે કંઇ પડી નથી દિકરા હજુ ઘોડા તબેલા માંથી છુટયા નથી બરોબરની લગામ પકડી લે... દિલાવર મા ની વાત સાંભળીને ચુપ રહેતો... અને દિલાવર

સાચે જ નુરીના હાથનો રૂમાલ બની ગયો હતો. મા-બાપ ચુપચાપ વહુના લખ્ખણ જોયા કરતા... મા પણ મનમાં વિચારતી... મારા દિલાવરની વહુ આવહે ત્યારે મારાથી રસોડુ છુટશે.. વહુના રોટલા ખાશું અને અલ્લાહ તઆલા કરહું... પણ રસોડુ તો ન છુટયું પણ સવાર સવારમાં નુરીનું ટીફીન પણ ડોહીએ બનાવવું પડતું... હા... શનિ-રવિ અને રજાના દિવસે નુરી થોડુ ઘણું કામ કરી સાસુને મદદ કરતી પણ એ પણ એ કહે એજ કરતી. સાસુ બિચારી હામા હા કરતી રહેતી. દિલાવર દુકાને બેસતો... દિલાવરની દુકાનમાં નુરીને કોઇ ઉત્સાહ હતો જ નહીં. એતો એની નોકરી અને એના વિચારોમાં મગન રહેતી. પાછો હાથમાં લેટેસ્ટ મોબાઇલ રાખતી જે એના બાપે એને લઇ દીધો હતો. આમને આમ ખાસો એવો સમય પસાર થયો... દિવસ-રાત એક પછી એક વિદાય થતા રહયા.

આમને આમ વરસેક દહાડો થયો હશે કે એ જે ગામ ભણાવા જતી હતી એજ ગામનો રીક્ષાવાળો ફીરોજે નુરીના જીવનમાં એન્ટ્રી લીધી... ફીરોજ રીક્ષા ચલાવી પોતાનું પેટીયું રળતો. ફીરોજની પત્નિ હસીના અને એક ત્રણ વરસની બેબી પરિવારમાં હતા. બે ત્રણ વખત ફીરોજ નુરીને સ્પેશયલ ભાડે ઘેર સુધી મુકવા પણ આવેલો... મનચલી ભાભી બિજા રીક્ષાવાળાને નહીં ને ફકત ફીરોજની રીક્ષામાં જ બેસતી... એથી બીજા રીક્ષાવાળા નુરી અને ફીરોજની મનફાવતી સ્ટોરી બનાવતા રહેતા... અને ફીરોજ પણ હતો ફેંકુ... ફીરોજ કાયમ વટમાં રીક્ષા ફેરવતો. એમાં આ નુરીની આંખે ફીરોજ વસી ગયો... થોડા પરિચય પછી હવે નુરીએ ફીરોજની રીક્ષા જ ફીકસ કરી દીધી. સવાર-સાંજ ફીરોજ અંકલેશ્વરથી નુરીને લાવવા-મુકવાની વર્દી મારવા લાગ્યો. આ વાત ધીમે ધીમે દિલાવરના કાને આવી અને એણે એક રાત્રે નુરીનો ઉઘડો લઇ નાંખ્યો... જો નુરી... તુ આમ પેલા રીક્ષાવાળા જોડે આવે-જાય એ મને બિલ્કુલ પસંદ નથી... કા તો આ તારી નોકરી બંધ કર અથવા આ રીક્ષાવાળાને છોડ... કયારેય હરફ ન ઉચ્ચારતો પતિ દિલાવર આમ મને આવુ કહેશે એ તો એને ખબર જ ન હતી. નુરીએ દિલાવરને ઉડતો જવાબ આપ્યો તમે પણ શું દિલાવર... ફીરોજને તો મેં મારો ભાઇ માન્યો છે તમે પણ શું ન બોલવાનું બોલો છો! એની રીક્ષામાં આવજા કરું એમાં તમારો ગરાસ લુટાઇ ગયો? જોયો હવે તારો ભાઇ... લોકો તારી ગમે એવી વાતો કરે છે... અને આપણી પીઠ પાછળ લોકો તને મનચલી ભાભી કહી રહયા છે... તારામાં શરમ જેવું કશુંક છે કે નહીં? ને જોયો હવે એ ફીરોજ્યો તારો ભાઇ એવા હાલી-મવાલી તો કેટલાય રખડતા હોય એવા ને તુ ભાઇ બનાવે? આવુ સાંભળી નુરી વધુ ચીડાઇ અને બોલી મેં કયાં કંઇ કાળુધોળુ કર્યું કે આમ ગુસ્સો કરો? કાળા-ધોળામાં હવે તે બાકીય શું રાખ્યું છે... આવાને આવા કોણ જાણે કેટલા હશે તારા ભાઇ? દિલાવર ક્રોધથી બોલી રહયો હતો. દિલાવરનો આવો ખુલ્લો આરોપ નુરીને હાડોહાડ લાગી આવ્યો. દિલાવરની શંકાશીલ નજર નુરીથી અજાણ ન હતી. નુરી પણ ક્રોધથી સળગી ઉઠી તમને હું એવી હલકટ લાગું છું? તો આજ સુધી આમ ગાડુ કેમ ગબડાવ્યું? એજ તો મારી મુર્ખાઇ હતી ને દિલાવરનો પારો ઉંચો ને ઉંચો ચઢયો જતો હતો... તો સામે નુરી પણ આજે જાણે લડી લેવાના મૂડમાં જ હતી અને બોલી તમને એમકે મને કંઇ ખબર નથી પડતી? પણ હું પણ બધુ સમજુ છું તમારા જેવા શંકાશીલ સાથે જીવન પસાર કરવા કરતા તો... વાત વધારે વણસે એ પહેલા ડોહા-ડોહી વચ્ચે પડી બંનેને શાંત પાડયા.

